...ી ખોંભડી વાગડીયા અને વેલાણી સનાતની પરિવાર, ખોંભડી

પત્ર વ્યવહારનું સરનામું : R. M. Patel & Co. Chartered Accountants
#350/1, Nayandahalli, Near Gopalan Arcade, Mysore Road, BANGALORE - 560 039.

તા. ૧૫-૦૩-૨૦૧૦

...શ્રી,
...શ્રી, મંત્રીશ્રી, ટ્રસ્ટીશ્રીઓ અને કારોબારી સભ્યો,
...ોંભડી પાટીદાર સનાતન સમાજ, ખોંભડી. કચ્છ - ૩૭૦ ૬૭૦.

વિષય : શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ ના મુળભુત હેતુઓ અને ઉદ્દેશોનું જતન અને પાલન કરવા તેમજ કરાવવા બાબત અને સમાજની મુળ સનાતની સમાજ તરીકેની ઓળખ બચાવવા બાબત.

ઉપરોક્ત્ વિષયે આપશ્રીને અને સમાજના દરેક સભ્યને અમો નીચે ના મુદ્દાઓ તરફ ધ્યાન દોહરાવવા માગીએ છીએ.

૧) આપણી સમાજ તથા જ્ઞાતિ નો ઇતિહાસ જોશું તો સમય સમયંતરે આપણી જ્ઞાતિમાં મુળ સનાતન ધર્મ પ્રસ્તાપીત કરવા માટે પૂ. કેશરા પરમેશ્વરા પછી લગભગ એકસો વર્ષ પછી પૂ. નારણજી બાપાએ અને ત્યાર પછી વડિલ શ્રી રતનશીભાઇ ખીમજીભાઇ ખેતાણી અને તેમના સહયોગીઓએ પ. પૂ. ઓધવરામજી મહારાજના સાનીધ્યમાં રહીને અથાગ પ્રયત્નો કર્યા અને મહદઅંશે આપણી જ્ઞાતિમાં આપણો મુળ વૈદિક સનાતન ધર્મને પ્રસ્તાપિત કર્યો.

૨) આપણી જ્ઞાતિના સુધારક વડિલો ના અથાગ પરિશ્રમની ફળશ્રુતિએ આપણા સનાતની વડિલોએ સન ૧૯૪૦ ના દાયકા માં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની સ્થાપના કરી, અને તે સમાજ ના સાનિધ્યે ગામે-ગામ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની સ્થાપનાઓ થઇ, અને સન ૧૯૪૫ માં વાંઢાય ખાતે પ. પૂ. ઓધવરામજી મહારાજના હસ્તે કુળદેવી શ્રી ઉમિયા માતાજીની મૂર્તિની સ્થાપના પણ થઇ.

૩) તે જ અરસામાં આપણા ગામના અમુક જાગૃત વડિલોને પણ એમ લાગ્યું કે, પીરાણાં સતપંથ ધર્મ આપણી જ્ઞાતિને લાયક ધર્મ નથી. એ એક મુસ્લિમ પીર ઇમામશાહ દ્વારા સ્થાપિત પંથ છે, તેથી કરીને તે પંથનો સદંતરે ત્યાગ કરીને તત્કાલીન વડિલોએ વી. સન ૨૦૦૨ ની સાલમાં ખોંભડી ગામમાં શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની સ્થાપના કરી, તેના અંતર્ગત આપણા ઇષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પાનમૂર્તીઓ બેસાડીને મંદિરની સ્થાપના કરી.

૪) ત્યાર પછી ક્રમે-ક્રમે ખોંભડી ગામના લગભગ તમામ પાટીદાર ભાઇઓએ સતપંથ મત નો (ખાનાપંથનો) ત્યાગ કરી શુધ્ધ સનાતન ધર્મનો અંગીકાર કરી શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં ભળી ગયા તેનો ઇતિહાસ સાક્ષી છે.

૫) છેલ્લે અમુક સતપંથી - જગ્યાંવાળાંના ઘરો રહ્યાં તે પણ સન ૧૯૯૫ ની આજુબાજુ ના વરસોમાં આપણી સનાતન સમાજમાં જોડાઇ ગયાં. તે વખતના આપણા અમુક જાગૃત વડિલોની વાતોની દરકાર કર્યા વગર, તે વખતના સમાજના વડાઓએ ખાનાનું વિસર્જન કર્યા વગર, ખાનાની મિલ્કતો જે મુળ આખા ગામની હતી તેને ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં વિલીનીકરણ કર્યા વગર, તે ઘરોને મેળવી દીધા તેના માઠાં ફળો આપણે આજે ભોગવી રહ્યા છીએ.

૬) એટલું જ નહીં આ સમાજના અમુક તત્વોએ એવા લોકોને આ સમાજમાં ભેળવી દીધા કે, જેઓ આ સમાજના ધારાધોરણોનો સરેઆમ ભંગ કરી પીરાણા સતપંથ મતને વળગી રહ્યા. બીજા શબ્દોમાં કહીએ તો તેઓ આ સમાજમાં રહીને આ સમાજની આડસ લઇને **તારૂં મારૂં સહિયારૂ અને મારૂં મારાં બાપનું** એવી નીતી થી જગ્યાં - જ્યોતીધામની મિલ્કતોનો ભોગવટો એકલા ભોગવી રહ્યા છે. કોઇ કહેવાવાળું નથી ? કેટલી બધી લાચારી, આપણી આ સનાતન સમાજ ભોગવી રહી છે તે શા માટે, તેનું કારણ સમજાતું નથી.

૭) આજે સમાજના સનાતની ભાઇઓને વ્યથા એ વાતની થાય છે કે સમાજના આવા ભાઇઓ આપણી સમાજમાં હોવા છતાં પણ તેમની આસ્થા સંપૂર્ણપણે પીરાણા સતપંથ ધર્મમાં છે. આ લોકોને જ્ઞાતિમાં સગપણ સાંતરાં બાબતે તકલીફો પડવાને લીધે મજબુરીથી પોતાના અંગત સ્વાર્થને લઇને જોડાવું પડ્યું તેમાં શંકાને સ્થાન નથી. તેવા લોકોને આ સમાજે જોડ્યા, અને આજ દિવસ સુધી પોષ્યા, તે ન સમજાય તેવી વાત છે પણ હકીકત છે.

Real Patidar Library

About Real Patidar books

શ્રી ખોંભડી વાગડીયા અને વેલાણી સનાતની પરિવાર, ખોંભડી

પત્ર વ્યવહારનું સરનામું : R. M. Patel & Co. Chartered Accountants
#350/1, Nayandahalli, Near Gopalan Arcade, Mysore Road, BANGALORE - 560 039.

તા. ૧૫-૦૩-૨૦૧૦

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી, મંત્રીશ્રી, ટ્રસ્ટીશ્રીઓ અને કારોબારી સભ્યો,
શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ, ખોંભડી. કચ્છ - ૩૭૦ ૬૭૦.

વિષય : શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ ના મુળભુત હેતુઓ અને ઉદ્દેશોનું જતન અને પાલન કરવા તેમજ કરાવવા બાબત અને સમાજની મુળ સનાતની સમાજ તરીકેની ઓળખ બચાવવા બાબત.

ઉપરોક્ત્ વિષયે આપશ્રીને અને સમાજના દરેક સભ્યને અમો નીચે ના મુદ્દાઓ તરફ ધ્યાન દોહરાવવા માગીએ છીએ.

૧) આપણી સમાજ તથા જ્ઞાતિ નો ઇતિહાસ જોશું તો સમય સમયંતરે આપણી જ્ઞાતિમાં મુળ સનાતન ધર્મ પ્રસ્તાપીત કરવા માટે પૂ. કેશરા પરમેશ્વરા પછી લગભગ એકસો વર્ષ પછી પૂ. નારણજી બાપાએ અને ત્યાર પછી વડિલ શ્રી રતનશીભાઇ ખીમજીભાઇ ખેતાણી અને તેમના સહયોગીઓએ પ. પૂ. ઓધવરામજી મહારાજના સાનીધ્યમાં રહીને અથાગ પ્રયત્નો કર્યા અને મહદઅંશે આપણી જ્ઞાતિમાં આપણો મુળ વૈદિક સનાતન ધર્મને પ્રસ્તાપિત કર્યો.

૨) આપણી જ્ઞાતિના સુધારક વડિલો ના અથાગ પરિશ્રમની ફળશ્રૃતિએ આપણા સનાતની વડિલોએ સન ૧૯૪૦ ના દાયકા માં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની સ્થાપના કરી, અને તે સમાજ ના સાનિધ્યે ગામે-ગામ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની સ્થાપનાઓ થઇ, અને સન ૧૯૪૫ માં વાંઢાય ખાતે પ. પૂ. ઓધવરામજી મહારાજના હસ્તે કુળદેવી શ્રી ઉમિયા માતાજીની મૂર્તિની સ્થાપના પણ થઇ.

૩) તે જ અરસામાં આપણા ગામના અમુક જાગૃત વડિલોને પણ એમ લાગ્યું કે, પીરાણાં સતપંથ ધર્મ આપણી જ્ઞાતિને લાયક ધર્મ નથી. એ એક મુસ્લિમ પીર ઇમામશાહ દ્વારા સ્થાપિત પંથ છે, તેથી કરીને તે પંથનો સદંતરે ત્યાગ કરીને તત્કાલીન વડિલોએ વી. સન ૨૦૦૨ ની સાલમાં ખોંભડી ગામમાં શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની સ્થાપના કરી, તેના અંતર્ગત આપણા ઇષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પાનમૂર્તીઓ બેસાડીને મંદિરની સ્થાપના કરી.

૪) ત્યાર પછી ક્રમે-ક્રમે ખોંભડી ગામના લગભગ તમામ પાટીદાર ભાઇઓએ સતપંથ મત નો (ખાનાપંથનો) ત્યાગ કરી શુધ્ધ સનાતન ધર્મનો અંગીકાર કરી શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં ભળી ગયા તેનો ઇતિહાસ સાક્ષી છે.

૫) છેલ્લે અમુક સતપંથી - જગ્યાંવાળાંના ઘરો રહ્યાં તે પણ સન ૧૯૯૫ ની આજુબાજુ ના વરસોમાં આપણી સનાતન સમાજમાં જોડાઇ ગયાં. તે વખતના આપણા અમુક જાગૃત વડિલોની વાતોની દરકાર કર્યા વગર, તે વખતના સમાજના વડાઓએ ખાનાનું વિસર્જન કર્યા વગર, ખાનાની મિલ્કતો જે મુળ આખા ગામની હતી તેને ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં વિલીનીકરણ કર્યા વગર, તે ઘરોને મેળવી દીધા તેના માઠાં ફળો આપણે આજે ભોગવી રહ્યા છીએ.

૬) એટલું જ નહીં આ સમાજના અમુક તત્વોએ એવા લોકોને આ સમાજમાં ભેળવી દીધા કે, જેઓ આ સમાજના ધારાધોરણોનો સરેઆમ ભંગ કરી પીરાણા સતપંથ મતને વળગી રહ્યા. બીજા શબ્દોમાં કહીએ તો તેઓ આ સમાજમાં રહીને આ સમાજની આડસ લઇને **તારૂં મારૂં સહિયારૂ અને મારૂં મારાં બાપનું** એવી નીતી થી જગ્યાં - જ્યોતીધામની મિલ્કતોનો ભોગવટો એકલા ભોગવી રહ્યા છે. કોઇ કહેવાવાળું નથી ? કેટલી બધી લાચારી, આપણી આ સનાતન સમાજ ભોગવી રહી છે તે શા માટે, તેનું કારણ સમજાતું નથી.

૭) આજે સમાજના સનાતની ભાઇઓને વ્યથા એ વાતની થાય છે કે સમાજના આવા ભાઇઓ આપણી સમાજમાં હોવા છતાં પણ તેમની આસ્થા સંપૂર્ણપણે પીરાણા સતપંથ ધર્મમાં છે. આ લોકોને જ્ઞાતિમાં સગપણ સાંતરાં બાબતે તકલીફો પડવાને લીધે મજબુરીથી પોતાના અંગત સ્વાર્થને લઇને જોડાવું પડ્યું તેમાં શંકાને સ્થાન નથી. તેવા લોકોને આ સમાજે જોડ્યા, અને આજ દિવસ સુધી પોષ્યા, તે ન સમજાય તેવી વાત છે પણ હકીકત છે.

૮) આવી બધી બેધારી નીતીઓ આ સમાજમાં આપણે ચલાવી રહ્યા છીએ, તેની સંપૂર્ણ જવાબદારી સમાજના આજના ધુરીણોની છે. આવતા સમયમાં તેના માઠાં પરિણામો આપણી ભાવી પેઢીને ભોગવવા પડશે તેના જવાબદાર પણ આપણે જ હોઇશું તે નિશ્ચિત જ છે.

૯) આટલી બધી મવાળ નિતિઓ અને અસ્પસ્ટતાઓ સમાજમાં પ્રવર્તમાન હોવા છતાં આજે આપણે સમાજના વિકાસના નામે નવી મિલ્કતો ઉભી કરવા જઇ રહ્યા છીએ તે નરી બાલીસતા જ છે. કારણ કે આ મિલ્કતોનો વહીવટ કેવા લોકોના હાથમાં જશે, તેનો ઉપયોગ કેવા લોકો કરશે, તેનું સ્પષ્ટીકરણ નવી મિલ્કતો ઉભી કર્યા પહેલા કરવું અત્યંત જરૂરી છે. સમાજમાં એકવાચતા હોય તો જ્યોતીધામ ની મિલ્કતોનું સર્વ પ્રથમ આપણી સનાતન સમાજમાં કાનુનન રીતે એકીકરણ થવું જોઇએ, અને જો એકીકરણ થાય તો અમારા મત મુજબ નવી મિલ્કતો વસાવવાની આ સનાતન સમાજને આજના સમયે જરૂરત રહેતી નથી.

ઉપરોક્ત્ કારણોને લઇને શ્રી ખોંભડી સનાતની વાગડીયા અને વેલાણી પરિવાર આ સમાજના હોદ્દેદારોને, ટ્રસ્ટીઓને, કારોબારી સભ્યો તેમજ આમ જનતાને હાર્દિક વિનંતી કરે છે કે :-

૧) જ્યાં સુધી ભુતકાળ માં આપણાંજ પૂર્વજોએ ઉભી કરેલી જ્યોતીધામ સતપંથ સમાજની મિલ્કતોનું શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં વિલીનીકરણ ન થાય ત્યાં સુધી આપણે એક સમાજના થઇ શકતા નથી. અને જ્યારે આ બાબતે સમાજમાં કોઇ જ સ્પષ્ટીકરણ અને ખુલાસાઓ ન થાય ત્યાં સુધી આપણી સમાજને નવી મિલ્કતો વસાવવાની કોઇજ જરૂરત રહેતી નથી.

૨) એવા લોકો કે જેઓ આપણી સમાજના સભ્યો હોવા છતાં પીરાણા સતપંથ ધર્મમાં શ્રધ્ધા ધરાવતા હોય તો તેમને તેમની શ્રધ્ધાને બિરદાવીને માનથી તેમની સતપંથ સમાજમાં જોડાવા છુટ આપવી જોઇએ.

૩) શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ એક સનાતન ધર્મને પાળતા લોકોની સમાજ છે, અને તેના ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ છે તેમાં બે મત નથી. સમાજ એનેજ કહેવાય જ્યાં વ્યવસ્થિત લોકોનો જનસમુદાય.

અ) એકજ ધર્મને (સનાતન હિન્દુ) ધર્મને પાળતો હોય.
બ) એકજ રીતો રીવાજ પાળતો હોય.
ક) એકજ આચાર વિચારને વરેલો હોય.

સમાજની ઉપરોક્ત્ વ્યાખ્યા પ્રમાણે આપણી અને ખાસ કરીને આ સમાજના વર્તમાન ધુરીણોની ફરજ બને છે કે સમાજના દરેક સભ્યને એક જ રીતી રીવાજ પાળતો કરે, એક જ ધર્મ ને (સનાતન હિન્દુ ધર્મ) પાળતો કરે અને એક જ આચાર વિચારને વરેલો કરે.

૪) આટલું આપણે કરશું તો જ સમાજમાં નવી મિલ્કતો ઉભી કરવી યથાર્થ ગણાશે. એટલા માટે જ થઇને અમારો આ ખોંભડી સનાતની વાગડીયા અને વેલાણી પરિવાર ઉપરોક્ત્ બાબતે ઠોસ પગલાં લીધા પછી જ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના નામે નવી મિલ્કતો ઉભી કરવા માટે યોગ્ય વિચારણા કરશે.

૫) આ પત્રની સાથે અમોએ પસાર કરેલ ઠરાવો ની મુળ નકલ તમારી જાણ ખાતર બીડેલ છે.

એજ લી.
શ્રી ખોંભડી પાટીદાર સનાતની વાગડીયા અને વેલાણી પરિવાર વતી,

શ્રી. ડાહ્યાભાઇ માધવજીભાઇ વાગડીયા	sd/-	શ્રી. રમેશભાઇ માવજીભાઇ વાગડીયા	sd/-
શ્રી. કાનજીભાઇ ધનજીભાઇ વાગડીયા	sd/-	શ્રી. પુરૂષોત્તમભાઇ મોહનલાલ વાગડીયા	sd/-
શ્રી. દેવજીભાઇ રામજીભાઇ વાગડીયા	sd/-	શ્રી. મગનલાલ કરમશીભાઇ વાગડીયા	sd/-
શ્રી. રામજીભાઇ હરજીભાઇ વાગડીયા	sd/-	શ્રી. વસંતલાલ માવજીભાઇ વેલાણી	sd/-
શ્રી. કૃષ્ણકુમાર રવજીભાઇ વાગડીયા	sd/-		

નકલ રવાના :

૧. શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના દરેક સભ્યને
૨. પ્રમુખશ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણા.

॥ શ્રી સનાતન ધર્માય નમઃ ॥ ॥ શ્રી લક્ષ્મીનારાયણો વિજયતેત્ રામ ॥

શ્રી કચ્છ ગામ ખોંભડી ના વાગડીયા તેમજ વેલાણી પરિવારના લગભગ ૫૫ જવાબદાર ભાઇઓની એક સભા વડિલશ્રી ાભાઇ માધવજીભાઇ વાગડીયા (કોલ્હાપુર) ના અધ્યક્ષપદે પૂના મુકામે રવિવાર તા. ૧૪-૦૩-૨૦૧૦ સવારના ૯-૩૦ કલાકે ાવવામાં આવેલ આ સભામાં અન્ય ગામોના વાગડીયા પરિવારના ભાઈઓએ પણ હાજરી આપી હતી.

આ સભામાં નીચે જણાવેલ વિષયો પર ખુલ્લા દીલે ચર્ચા કરવામાં આવી હતી.

૧) આપણો ધર્મ વૈદિક સનાતન હિન્દુ ધર્મ જ છે એ સિવાય બીજો કોઇ ધર્મ નથી તે સ્પષ્ટતા કરવા બાબત.
૨) પીરાણા સતપંથ ધર્મ પાળવાવાળાઓ સાથે સામાજીક તેમજ ભવિષ્યમાં સગપણ - સાંતરાં ન કરવા બાબત.
૩) ખોંભડી ગામમાં સતપંથ અને સનાતન ધર્મ બાબતે ચાલી રહેલ ગેર રીતીઓ બાબત.
૪) ખોંભડી ગામમાં સર્વે પાટીદાર ભાઇઓનો શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં સમાવેશ થઇ ગયો હોય તો આપણાં જ પૂર્વજોએ વસાવેલ ખાનાં (જ્યોતીધામ) ની મિલ્કતોનું એકીકરણ બાબત.
૫) અમારા વાગડીયા પરિવાર ના અગ્રણી ભાઇશ્રી રમેશભાઇ માવજીભાઇ વાગડીયાની આપણી કેન્દ્રીય સમાજ નખત્રાણા ની મુખ્ય કચેરીના પ્રાંગણમાંથી સતપંથી ભાઇઓ દ્વારા તા. ૨૭-૦૩-૨૦૧૦ ના કરાવાયેલ પોલીસ ધરપકડ બાબત.

ઉપરોક્ત્ વિષયો બાબતે વિસ્તૃત ચર્ચા કર્યા પછી આ સભાએ સર્વાનુમતે નીચે પ્રમાણે ઠરાવો પાસ કર્યા હતા.

✍ ઠરાવો ✍

૧) આ સભા અત્રેથી એવું જાહેર કરે છે કે ખોંભડી ના વાગડીયા, વેલાણી પરિવાર તેમજ અન્ય ગામોથી પધારેલા વાગડીયા પરિવાર સર્વે સભ્યો શુધ્ધ સનાતની ભાઇઓ છે અને તેઓ વૈદિક સનાતન હિન્દુ ધર્મ પાળે છે અને તેથી તેઓ સનાતન હિન્દુ ધર્મની રક્ષા તેમજ પ્રચાર પ્રસાર કરતા રહેશે અને આવા કાર્યમાં શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ તેમજ અન્ય સનાતન સમાજો અને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (કેન્દ્રીય સમાજ) ને દરેક રીતે મદદકર્તા રહેશે.

૨) આ સભા અત્રેથી એવું ઠરાવે છે કે શ્રી ખોંભડી ગામનાં ભારતભરમાં વસતા વાગડીયા તેમજ વેલાણી પરિવારો અને દયાપર, પાનેલી, મેઘપર, ધારેસી તેમજ વિગોડીમાં વસતા વાગડીયા પરિવારો આજ દિવસ સુધી પીરાણા સતપંથી ભાઇઓમાંથી દીકરી લીધી હશે અથવા તો દીકરી દીધી હશે તેમની સાથેના સામાજીક સબંધો યથાવત રાખશે (શક્ય હોય તો દૂરી રાખશે) પણ આજ પછી પીરાણાં સતપંથ ધર્મને માનવાવાળાઓની સાથે નવાં સગપણ - સાંતરાં બાંધશે નહીં. આ ઠરાવનું ઉલ્ઘંન કરવાવાળા પર આ પરિવાર કૌટુંબીક અસહકાર જેવા પગલા ભરશે. હાજર રહેલ સૌ ભાઇઓએ એકી અવાજે આ ઠરાવ સંબધે પ્રતિજ્ઞા લીધી હતી.

૩) ઉપર જણાવેલ ઠરાવ નં. ૧ અને ૨ ને દયાપર, પાનેલી, મેઘપર અને ધારેસીમાં વસતા વાગડીયા પરિવારો જેઓના મુળ ખોંભડી ગામ છે અને ગામશ્રી વિગોડીમાં વસતા વાગડીયા પરિવારોનું સંપૂર્ણ અનુમોદન છે. ઉપરોક્ત ગામોમાં વસતા વાગડીયા પરિવારો અત્રે આ ઠરાવ દ્વારા ઠરાવ નં. ૧ અને ૨ પાળવા અને પળાવવા માટે સંપૂર્ણ બાહેધારી આપે છે.

૪) સન ૧૯૯૦ થી ૧૯૯૫ અને તેની આજુબાજુના વર્ષો દરમ્યાન શ્રી ખોંભડી ગામના આપણી જ્ઞાતિના બાકી રહેલા પીરાણાં સતપંથ ધર્મને માનવાવાળા અમુક ભાઇઓ પીરાણાં સતપંથ ધર્મનો ત્યાગ કરી શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં શુધ્ધ સનાતની બની જોડાઇ ગયા ત્યારે તે વખતની સમાજની મિનિટ બુકોમાં તેમની નોંધ લઇ આવા જોડાયેલ પરિવારોએ સહીઓ કરી સમાજના ધારાધોરણ તેમજ રીતી રીવાજોનું ચુસ્તપણે પાલન કરશે એવી બાહેધરીઓ આપી હતી. તેનું પાલન કરવા અને કરાવવા માટે સમય-સમય ઉપર સન ૨૦૦૬ માં ચર્ચાઓ અને પ્રયત્નોં થયેલ તેની નોંધ પણ તે વર્ષની મિનિટ બુકમાં કરવામાં આવેલ છે. પરંતુ કોણ જાણે કેમ આજ દિવસ સુધી તે

બાબતે કોઇ નક્કર નિર્ણયો સમાજ દ્વારા લેવામાં આવ્યા નથી. તેથી આ સભા શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના પ્રમુખ, ટ્રસ્ટીઓને તેમજ અન્ય હોદ્દેદારોને યોગ્ય પગલાં ભરવાનું સુચન કરે છે.

૫) આ સભા અત્યારે એવું પણ ઠરાવે છે કે સન ૧૯૯૫ અને તેની આજુબાજુના વર્ષોમાં ખોંભડી ગામનાં દરેક પાટીદાર ભાઇઓ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં જોડાઇ ગયા છે તે કારણે ખોંભડી ગામના પૂર્વજોએ ઉભી કરેલી ખાના (જ્યોતીધામ) ની સર્વે મિલ્કતોનું વિલીનીકરણ કાનુની રીતે શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં થવું જોઇએ તે આજ દિવસ સુધી થયું નથી તે માટે શ્રી ખોંભડી સનાતન સમાજના ટ્રસ્ટીઓને તેમજ હોદ્દેદારોને સુચન સાથે વિનંતી કરે છે કે આ મિલ્કતોનું સત્વરે કાનુનન વિલીનીકરણ કરાવે.

૬) અમારા અગ્રણી ભાઇ શ્રી રમેશભાઇ માવજીભાઇ વાગડીયા, તેમના પિતા શ્રી માવજીભાઇ રતનશી વાગડીયા તથા તેમના દાદા સ્વ. શ્રી રતનશીબાપા ઉપર સન ૨૦૦૫ માં તદ્દન જુઠા કેસો પીરાણાં સતપંથી ભાઇઓ દ્વારા કરવાનાં આવ્યા હતા, તે અન્વયે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની સમાધાનની પ્રક્રિયામાં આ જ કેસોના સમાધાન અર્થે રમેશભાઇને તા. ૨૭-૦૨-૨૦૧૦ ના નખત્રાના મુકામે તેડાવેલ હતા તે સભા દરમ્યાન જ સતપંથી ભાઇઓ દ્વારા અમદાવાદ અસલાલી પોલીસ સ્ટેશન મારફત ધરપકડ કરાવી જે સતપંથી ભાઇઓ દ્વારા એક હિચકારી પગલું ભરાર્યું છે એવું પુરવાર થાય છે. આ ઘટનાને આ પરિવાર અત્રેની આ સભામાં સખત શબ્દોમાં વખોડી કાઢે છે અને શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજને તેમજ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજને સુચન સાથે નમ્ર અનુરોધ કરે છે કે સમાજના આવા સભ્યોને કારણદર્શક નોટીસો બજાવી બંધારણીય ધોરણે તેમની સામે યોગ્ય પગલાં ભરવામાં આવે.

૭) શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં રહીને અમુક સભ્યો તેમની આસ્થા પીરાણાં સતપંથ ધર્મમાં ધરાવતાં રહ્યા છે અને સમાજનાં ધારાધોરણ અને રીતીરીવાજો નું પાલન નથી કરતા એવા સભ્યોને સમાજના હોદ્દા / કારોબારી સભ્યોના હોદ્દા ઉપર અથવા તો સભ્યો તરીકે રહેવાનો કોઇપણ જાતનો અધિકાર ધરાવતા નથી. તેથી આ સભા અત્રેથી શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના ટ્રસ્ટીઓને તેમજ હોદ્દેદારોને સુચન સાથે અનુરોધ કરે છે કે આવા સભ્યોની સામે બંધારણીય ધોરણે યોગ્ય પગલાં સત્વરે ભરવામા આવે.

૮) ઉપરોક્ત્ ઠરાવોનું યોગ્ય રીતે લખાણ કરી મુળનકલ સાથે એક ટપાલ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના પ્રમુખશ્રી તેમજ મંત્રીશ્રીને રજીસ્ટર પોસ્ટથી તુરંત રવાના કરે, અને તેની નકલો શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના દરેક સભ્યો તેમજ અન્ય ગામોના વાગડીયા પરિવારોને અને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખશ્રીને પણ રવાના કરવાનું આ સભા અત્રેથી ઠરાવે છે.

ઉપરોક્ત્ ઠરાવો વાગડીયા તેમજ વેલાણી પરિવારના ૫૫ જવાબદાર સભ્યોની હાજરીમાં તેમાંના નીચે જણાવેલ વડિલો તેમજ અગ્રણીઓની હાજરીમાં પાસ કરવામાં આવેલ છે.

શ્રી. કાનજીભાઇ ધનજીભાઇ વાગડીયા, જાલના
શ્રી. ડાહ્યાભાઇ માધવજીભાઇ વાગડીયા, કોલ્હાપુર
શ્રી. રામજીભાઇ હરજીભાઇ વાગડીયા, પૂના
શ્રી. માવજીભાઇ રતનશીભાઇ વાગડીયા, બેંગ્લોર
શ્રી. જીવરાજભાઇ વિરજીભાઇ વાગડીયા, ભારતીનગર
શ્રી. દેવજીભાઇ રામજીભાઇ વાગડીયા, કોલ્હાપુર
શ્રી. નરસીંહભાઇ માણણભાઇ વાગડીયા, પૂના
શ્રી. વિશ્રામભાઇ માવજીભાઇ વાગડીયા, કરાડ
શ્રી. અમૃતલાલ શીવજીભાઇ વાગડીયા, સુરત
શ્રી. અમૃતલાલ જીવરાજભાઇ વાગડીયા, વાપી
શ્રી. છગનભાઇ કાનજીભાઇ વાગડીયા, ન્યૂ દિલ્હી
શ્રી. પ્રેમજીભાઇ વાગડીયા, ધાનેરા-ગુજરાત
શ્રી. રમેશભાઇ કેશવલાલ વાગડીયા, અમદાવાદ
શ્રી. શીવજીભાઇ લાલજીભાઇ વાગડીયા, મદુરાઇ
શ્રી. હરિભાઇ માવજીભાઇ વાગડીયા, કોલ્હાપુર
શ્રી. વસંતકુમાર માવજીભાઇ વેલાણી, બેંગ્લોર
શ્રી. પુરૂષોત્તમભાઇ માણણભાઇ વાગડીયા, પૂના

શ્રી ખોંભડી ગામના વાગડીયા, વેલાણી અને અન્ય ગામના વાગડીયા પરિવાર વતી,

sd/-

શ્રી. ડાહ્યાભાઇ માધવજીભાઇ વાગડીયા
સભા અધ્યક્ષ